પ્રધાનમંત્રી આવાસના હપ્તા માટે "સાહેબ માટે વ્યવહાર કરવો પડશે" કહી 2,000ની લાંચ માગવી ભારે પડી

ઘોઘંબા તાલુકા પંચાયતમાં લાંચ લેતો કોમ્પ્યૂટર ઓપરેટર રંગેહાથ ઝડપાયો

જાગૃત નાગરિકે 1064 પર ફરિયાદ કરતા ગોધરા ACBની સફળ ટ્રેપ

(પ્રતિનિધિ) ગોધરા, તા.1

પંચમહાલ જિલ્લામાં ભ્રષ્ટાચાર નાબૂદી અભિયાન અંતર્ગત ગોધરા ACBએ મોટી કાર્યવાહી કરી છે. ઘોઘંબા તાલુકા પંચાયત કચેરીમાં પ્રધાનમંત્રી આવાસ યોજના (PMAY-G) ની કામગીરી સંભાળતા કોન્ટ્રાક્ટ બેઝ કોમ્પ્યુટર ઓપરેટરને 2,000ની લાંચ લેતા રંગેહાથ

ઝડપી લેવામાં આવ્યો છે. આવાસ યોજનાનો બીજો હપ્તો મંજૂર કરવા માટે આરોપીએ લાભાર્થી વતી ગયેલા જાગૃત નાગરિક પાસે લાંચની માંગણી કરી હતી.

ઝડપાયેલો આરોપી સોબાન સિરાજ મજીદ બાગવાલા ઘોઘંબા તાલુકા પંચાયતમાં PMAY શાખામાં ફરજ બજાવે છે. ફરિયાદીના ફળિયાના એક લાભાર્થીનું મકાન મંજૂર થયું હતું અને લિંટલ સુધીનું કામ પૂર્ણ થતાં તેમને બીજા હપ્તાની જરૂર હતી. આ માટે જરૂરી કાગળો અને ફોટા સાથેની ફાઈલ જમા કરાવવા ગયા ત્યારે આરોપી સોબાને ડેટાબુક ચેક કર્યા બાદ "સાહેબ માટે વહેવાર કરવો પડશે" તેમ કહી 2,000ની માંગણી કરી હતી.

લાંચ આપવા ન માંગતા જાગૃત નાગરિકે ACBના ટોલ ફ્રી નંબર 1064 પર સંપર્ક કર્યો હતો. જેના આધારે આજે તા. 01/01/2026ના રોજ ગોધરા ACB પી.આઈ. એચ.પી. કરેણ અને તેમની ટીમે ઘોઘંબા તાલુકા પંચાયત કચેરીના પહેલા માળે ખુલ્લી અગાસીમાં છટકું ગોઠવ્યું હતું.

આરોપી સોબાને ફરિયાદી સાથે વાતચીત કરી લાંચના 2,000 સ્વીકારતા જ ACB ટીમે તેને દબોચી લીધો હતો અને લાંચની રકમ કબજે કરી હતી.

આ સફળ કામગીરી ACB પંચમહાલ એકમ ગોધરાના મદદનીશ નિયામક બી.એમ. પટેલના સુપરવિઝન હેઠળ અને વડોદરા રેન્જ નાયબ નિયામક બળદેવ દેસાઈના માર્ગદર્શનમાં પાર પાડવામાં આવી હતી. ગરીબ લાભાર્થીઓના હક્કના મકાનમાં પણ કટકી કરતા કર્મચારી ઝડપાતા સરકારી આલમમાં ફફડાટ ફેલાયો છે.

ગોધરામાં કોંગ્રેસની 'જન આક્રોશ યાત્રા' આવી પહોંચી

બસ સ્ટેન્ડ ખસેડાતાં 700 વેપારીઓને પડતી મુશ્કેલી અંગે અમિત ચાવડાને રજૂઆત

(પ્રતિનિધિ) ગોધરા, તા.1

પંચમહાલ જિલ્લામાં આજે 1 જાન્યુઆરી, 2026ના રોજ કોંગ્રેસની 'જન આક્રોશ યાત્રા'નું આગમન થતાં રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો. ધારાસભ્ય અમિત ચાવડાના નેતૃત્વમાં નીકળેલી આ યાત્રા ગોધરા પહોંચતા સ્થાનિક વેપારીઓએ બસ સ્ટેન્ડના સ્થળાંતર મુદ્દે ઉગ્ર રજૂઆત કરી હતી. વેપારીઓએ આવેદનપત્ર આપી જણાવ્યું

હતું કે, બસ સ્ટેન્ડ શહેર મધ્યથી ખસેડીને ભુરાવાવ લઈ જવાતા આસપાસના 700 જેટલા દુકાનદારો આર્થિક રીતે પાયમાલ થઈ ગયા છે અને સામાન્ય પ્રજાને રિક્ષા ભાડાના 25-50 રૂપિયાનો વધારાનો બોજ વેઠવો પડે છે.

વેપારીઓની વ્યથા સાંભળી અમિત ચાવડાએ સરકાર અને સ્થાનિક નગરપાલિકા પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, નગરપાલિકામાં ભાજપની મિલીભગતથી ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે અને ટેક્સ ભરતા વેપારીઓને હેરાન કરવામાં આવી રહ્યા છે. પંચમહાલમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી છે, યુવા પેઢી દારૂ અને ડ્રગ્સના રવાડે ચડી છે.

'પરિવર્તનનો શંખનાદ' નારા સાથે 11મા દિવસમાં પ્રવેશેલી આ યાત્રા આજે દેલોલથી શરૂ થઈ કુલ 94 કિલોમીટરનું અંતર કાપશે. ગોધરામાં તૃપ્તિ બાયપાસ, ગોંદ્રા સર્કલ, કળશ સર્કલ, સરદારનગર ખંડ અને ગાંધી ચોક ચર્ચ ખાતે યાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

સિંગવડ નગર ખાતે સ્વ.રમેશચંદ્ર બાલુજી શાહના સ્મરણાર્થે રક્તદાન શિબિર યોજાઇ

સિંગવડ । સિંગવડ નગર ખાતે સ્વ. રમેશચંદ્ર બાલુજી શાહના સ્મરણાથે રક્તદાન શિબિર યોજાયું જેમાં 50 જેટલું બ્લડ યુનિટ ભેગું થયું સિંગવડ નગર ખાતે થોડાક સમય પહેલા સ્વ. રમેશચંદ્ર બાલુજી શાહ નું નિધન થયું હતું અને તેમના પાઘડીના દિવસે તેમના પરિવાર દ્વારા રક્તદાન શિબિર માટેનું આયોજન કરવામાં આવ્યું જ્યારે તેમના પરિવાર દ્વારા પણ રક્તદાન કર્યું હતું અને સાથે આવેલા મહેમાનો તથા સિંગવડ નગરના વેપારીઓ તથા ગ્રામજનો ભેગા મળી રક્તદાન કરવા માગ્યું હતું જ્યારે દાહોદની રેડ ક્રોસ બ્લડ બેન્ક દ્વારા રક્તદાન માટે આવીને રક્તદાનની પ્રક્રિયા ચાલુ કરવામાં આવી હતી. ડો. અભિજીત રાહુલજી તથા ડો. નિલેશ સેલોત દ્વારા આ કાર્યક્રમમાં યોગદાન આપવામાં આવ્યું હતું.

કાલોલ પોલીસ દ્વારા 31 ડિસેમ્બરની રાત્રે હાઈવે ઉપર સઘન ચેકીંગ કરાયું

કાલોલ । કાલોલ નેશનલ હાઈવે પર 31મી રાત્રે પોલીસ દ્વારા ચેકિંગ હાથ ધરાયું કાલોલ હાઇવે પર ની પોલીસ ચોકી દ્વારા અને પોલીસ ટીમે ગોધરા તરફથી આવતા અને વડોદરા તરફથી આવતા વાહનોના ચેકિંગ કરવામાં આવ્યા દાહોદ બાજુથી મધ્યપ્રદેશ અને રાજસ્થાન બે સરહદો આવેલી છે જેના કારણે હાલમાં જ કાલોલમાં ખૂબ જ મોટા પ્રમાણમાં દારૂનો જથ્થો પકડાયો હતો જેના કારણે નવા વર્ષના આરંભમાં એક વાગ્યાના સુમાર બાદ પોલીસ દ્વારા આવતા જતા વાહનોની ડીકી ચેક કરી જેમાં કોઈ દારૂ કે નસીલો પદાર્થ નથી તેનું સર્જન ચેકિંગ કરવામાં આવ્યું હતું અને સાથે સાથે ડ્રાઇવરો દારૂ પીધેલ નથી તે બાબતે મશીન દ્વારા ફૂંક મરાવી પોલીસ દ્વારા ચેકિંગ હાથ ધરાયું હતું વ્યસન કરી વાહન હંકારતા ડ્રાઇવરો અને વાહનચાલકોમાં ગભરાટ જોવા મળ્યો હતો આવું ચેકિંગ કરવાથી હાઇવે પરના અકસ્માતો અટકી જાય છે આમ કકડતી ઠંડીમાં પણ પોલીસ દ્વારા આવું ચેકિંગ હાથ ધરાય તેવી વાહન ચાલકો અને રાહદારીઓની માંગ છે

સિંગવડમાં ભમરેચીના પ્રાંગણમાં શતચંડી મહાયજ્ઞ યોજાયો

સિંગવડ । સિંગવડની કબૂતરી નદી પર બિરાજમાન માં ભમરેચીના પ્રાંગણમાં શતચંડી મહાયજ્ઞ યોજાયો હતો. સિંગવડ ની કબૂતરી નદી પર બિરાજમાન માં ભમરેચી ના પ્રાંગણમાં શતચંડી મહાયજ્ઞનું અલગ અલગ જગ્યાએથી પધારેલા 35 થી 40 જેટલા બ્રાહ્મણો દ્વારા સત ચંડી મહાયજ્ઞ શાસ્ત્રોક્ત વિધિથી પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમાં દાહોદ જિલ્લા સાંસદ જશવંતસિંહ ભાભોર તથા તેમની પત્ની કંચનબેન ભાભોર આ યજ્ઞના યજમાન થયા હતા જ્યારે તેમને સવારે 10:00 કલાકે સત ચંડી મહાયજ્ઞ બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રોક્ત વિધિ થી ભમરેચી તથા અન્ય દેવી-દેવતાઓને આ યજ્ઞમાં બિરાજમાન કર્યા પછી શાસ્ત્રોક્ત વિધિથી માં ભમરેચી ના પ્રાંગણમાં યજ્ઞ ચાલુ કરવામાં આવ્યો હતો. જ્યારે યજ્ઞમાં સાંસદ જશવંતસિંહ ભાભોર તથા તેમના ધર્મપત્ની કંચનબેન ભાભોર દ્વારા આખો દિવસ યજ્ઞમાં બેસીને સાંજે પાંચ કલાકે આરતી ઉતારવામાં આવી હતી જ્યારે આ સત ચંડી મહાયજ્ઞ સિંગવડ નગર તથા આજુબાજુના ભક્તો ખૂબ મોટી સંખ્યામાં દર્શન કરવા પહોંચ્યા હતા.

મધવાસ પાસે રોયલ્ટી પાસ અને GPS લોકેશન વગર માટી વહન કરતા સાત ડમ્પર ઝડપાયા

કાલોલ મામલતદારે 7 ડમ્પર ઝડપી પાડી કાર્યવાહી શરૂ કરી

(પ્રતિનિધિ) કાલોલ, તા.1

કાલોલ તાલુકાના મધવાસ વિસ્તારમાં ગેરકાયદે રીતે સાદી માટીનું વહન થતું હોવાની બાતમીના આધારે કાલોલના સર્કલ મામલતદાર એમ. યુ . પરમાર દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. મધવાસ પાસેથી રોયલ્ટી પાસ અને GPS લોકેશન વગર માટી વહન કરતા કુલ ૭ ડમ્પરો (૧ માટી ભરેલું અને ૬ ખાલી) રોકી મામલતદાર કચેરી ખાતે લાવવામાં આવ્યા હતા.

ચકાસણી દરમિયાન ડમ્પર ચાલકો પાસે રોયલ્ટી પાસની માંગણી કરવામાં આવતા તેઓ સ્થળ પર માન્ય પાસ રજૂ કરી શક્યા ન હતા. બાદમાં કેટલાક ડમ્પર માલિકોએ રોયલ્ટી પાસ રજૂ કર્યો હતો, પરંતુ તે પાસ ક્ષતિગ્રસ્ત તથા જૂનો હોવાનું બહાર આવ્યું હતું. સાથે જ તમામ ડમ્પર ચાલકો પાસે GPS લોકેશનની વિગતો માંગવામાં આવી હતી, પરંતુ કોઈ પણ ચાલક GPS લોકેશન રજૂ કરી શક્યો ન હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાથમિક તપાસમાં એક જ રોયલ્ટી પાસ પર વારંવાર સાદી માટીના ફેરા મારવામાં આવતા હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી છે. ડમ્પર ચાલકોની પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે મધવાસ ખાતેથી માટી ભરીને મસવાડ GIDC ખાતે નાખવામાં આવતી હતી. સમગ્ર મામલે આગળની કાર્યવાહી માટે મામલતદાર દ્વારા ખાણ-ખનીજ વિભાગને માહિતી પાઠવવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

કાર્યવાહીમાં પકડાયેલા ડમ્પરના માલિકો

તેજાભાઈ વણઝારા
જગદીશભાઈ વણઝારા
ભગવાનભાઈ વણઝારા
રણછોડભાઈ વણઝારા
ભારતભાઈ જાદવ
હરિભાઈ ભરવાડ
ગોવિંદભાઈ વણઝારા

ગેરકાયદે ખનન અને માટી વહન સામે તંત્રની આ કાર્યવાહીથી વિસ્તારમાં ખનન માફિયાઓમાં ફફડાટ ફેલાયો હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

દાહોદ પંથકમાં વાદળછાયું વાતાવરણ : ઠંડીનો ચમકારો

દાહોદના આકાશમાં 51 ટકા વાદળો અને સૂર્ય પ્રકાશની સંતાકૂકડી વચ્ચે ઠંડીનો ચમકારો

(પ્રતિનિધિ) દાહોદ, તા.1

વર્ષ 2025 ના અંતિમ દિવસે શહેર અને જિલ્લાના હવામાનમાં નોંધપાત્ર પલટો જોવા મળ્યો હતો. નવા વર્ષના આજે વહેલી સવારથી જ આકાશ મા વાદળો છવાતા ઠંડી ના જોરમાં વધારો થયો હતો દિવસ દરમ્યાન શહેર મા કુદરત નો મિશ્ર મિજાજ અનુભવાયો હતો. જેમાં ક્યારેક આકાશવાદળ છાયું બની જતું તો ક્યારેક સૂર્ય નીકળતા લોકોને હૂંફાળા તાપની રાહત મળી રહી હતી સવારના સમયે તાપમાન 24 ડિગ્રી અને સાંજ ઢળતા એક સમયે તાપમાન 28 ડિગ્રી સુધી પહોંચી ગયું હતું.

પશ્ચિમ દિશા તરફથી ફુંકાતા 18 કિમી પ્રતિ કલાકની પવનના ઝાપટાએ વાતાવરણમાં ઠંડક પ્રસરાવી હતી આકાશમા અંદાજે 51 ટકા વાદળો છવાયેલા રહેતા સૂર્યપ્રકાશ ની તીવ્રતા ઓછી રહી હતી વર્ષ ના અંતિમ દિવસે અનુભવાયેલા આ વાદળ છાયા વાતાવરણ અને ઠંડા પવનો ને કારણે દિવસ દરમ્યાન પણ ઠંડીનો ચમકારો અનુભવતો હતો ત્યારે દિવસ દરમિયાન પણ લોકો ગરમ વસ્ત્રોમા સજ્જ જોવા મળ્યા હતા મોડી સાંજે ઠંડી ની તીવ્રતા વધી હતી હવામાન ના આ મિજાજને જોતા નવા વર્ષના પ્રારંભે ઠંડીનુ જોર વધ્યુ હતું.

ગોધરામાં પ્રથમ વખત લેસર પદ્ધતિથી હરસ-મસાનું સફળ ઓપરેશન

સિવિલ હોસ્પિટલમાં સૌપ્રથમ વાર લેસર ટેકનોલોજીનો ઉપયોગ

(પ્રતિનિધિ) ગોધરા, તા.1

પંચમહાલ જિલ્લાના મુખ્ય મથક ગોધરા સ્થિત સિવિલ હોસ્પિટલ હવે આધુનિક સુવિધાઓ અને અદ્યતન ટેકનોલોજી સાથે સારવાર ક્ષેત્રે નવી ઊંચાઈઓ સર કરી રહી છે. મધ્યમ અને ગરીબ વર્ગના દર્દીઓ માટે આશીર્વાદરૂપ સમાન પહેલમાં ગોધરા સિવિલ હોસ્પિટલમાં સૌપ્રથમ વખત લેસર મશીનના ઉપયોગથી હરસ-મસાનું સફળ ઓપરેશન કરવામાં આવ્યું છે. આ નવીનતમ સુવિધા શરૂ થતા જિલ્લાના દર્દીઓને હવે જંગી ખર્ચમાંથી મુક્તિ મળશે.

સામાન્ય રીતે હરસ-મસાની બીમારીમાં પરંપરાગત પદ્ધતિથી કરવામાં આવતા ઓપરેશનમાં ટાંકા લેવામાં આવે છે. જે દર્દી માટે ખૂબ

જ પીડાદાયક હોય છે. આ જૂની પદ્ધતિમાં દર્દીને 7થી 8 દિવસ સુધી હોસ્પિટલમાં દાખલ રહેવું પડતું હતું. પરંતુ સિવિલ હોસ્પિટલમાં શરૂ થયેલી આધુનિક લેસર પદ્ધતિમાં દર્દીને માત્ર 24 કલાકમાં જ રજા આપી દેવામાં આવે છે. આ પદ્ધતિમાં પીડા નહિવત રહે છે અને રિકવરી પણ ખૂબ ઝડપી આવે છે. ગોધરા સિવિલ હોસ્પિટલના સર્જને જણાવ્યું હતું કે, ગોધરા સિવિલમાં પ્રથમ વખત લેસર પદ્ધતિથી હેમોરોઇડ પાઈલ્સનું ઓપરેશન કરવામાં આવ્યું છે.

પાદરામાં તળાવમાં કિશોરનો આપઘાત

(પ્રતિનિધિ) પાદરા, તા.1

પાદરા નગર વિસ્તારમાં આવેલ અંબાજી માતાના મંદિર પાસેના તળાવમાં એક કિશોરે આપઘાત કરતા મોત નિપજ્યું હોવાની ઘટના સામે આવી છે. આ બાબતે પાદરા પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોત મુજબ બી.એન.એસ.એસ. કલમ હેઠળ નોંધ કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ પાદરા ટાઉન સંતરામ મંદિર પાસે રહેતા નિકુંજકુમાર ઠાકોરભાઈ જાતે ફુલમાળી પાદરાના અંબાજી માતાના મંદિર પાસે આવેલ તળાવના પાણીમાં કોઈ અજ્ઞાત કારણોસર ફૂદકો મારી આપઘાત કર્યો હતો, જેમાં તેઓ ડૂબી જતા મોતને ભેટ્યા હતા. ઘટનાની તપાસ પાદરા પોલીસ સ્ટેશનના હે. કો. રાજુભાઈ ભીખાભાઈ દ્વારા હાથ ધરવામાં આવી છે. ઘટનાને લઈને પરિવારજનોમાં શોકનો માહોલ છવાયો છે.

દાહોદ પોલીસે થર્ટી ફર્સ્ટની ઉજવણી દરમિયાન 134 ને ઝડપ્યા

23 ચેકપોસ્ટ, એક હજારથી વધુ પોલીસ તૈનાત, દારૂ અને નશામાં 134 કેસ નોંધાયા

(પ્રતિનિધિ) દાહોદ, તા.1

દાહોદ જિલ્લામાં થર્ટી ફર્સ્ટ તથા નવા વર્ષની ઉજવણી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ દારૂ અને અન્ય નશાકારક પદાર્થોની હેરાફેરી અટકાવવા દાહોદ જિલ્લા પોલીસ દ્વારા વ્યાપક અને કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. સરહદી જિલ્લો હોવાના કારણે દાહોદને વિશેષ સંવેદનશીલ માનવામાં આવી આગોતરી આયોજન સાથે સમગ્ર જિલ્લામાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

આ અંગે દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, અસામાજિક તત્વો ઉજવણીનો ગેરલાભ ન લઈ શકે તે માટે જિલ્લા પોલીસ દ્વારા કુલ 23 જેટલી ચેકપોસ્ટો શરૂ કરવામાં આવી હતી. દિવસ અને રાત દરમિયાન વાહન ચેકિંગ, શંકાસ્પદ વ્યક્તિઓની તપાસ અને સરહદી માર્ગો પર વિશેષ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું.

પોલીસ ઇન્સ્પેક્ટર, પોલીસ સબ ઇન્સ્પેક્ટર તથા નાયબ પોલીસ અધિક્ષકોની દેખરેખ હેઠળ 1000થી વધુ પોલીસ કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા હતા. શહેર, ગ્રામ્ય વિસ્તાર તેમજ મધ્યપ્રદેશને અડીને આવેલી ખંગેલા ચેકપોસ્ટ, જે નેશનલ હાઈવે પર સ્થિત છે, ત્યાં વિશેષ સતર્કતા રાખવામાં આવી હતી. અગાઉ આ માર્ગ પરથી દારૂની હેરાફેરી થતી હોવાથી મોટા ટ્રક, ટેમ્પો અને માલવાહક વાહનોની બારીકીથી તપાસ કરવામાં આવી હતી.

ચેકિંગને વધુ અસરકારક બનાવવા માટે પોલીસ દ્વારા બોડી વોર્ન કેમેરા, ડ્રોન કેમેરા, સીસીટીવી અને બ્રેથ એનાલાઈઝર જેવા આધુનિક સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ સઘન કાર્યવાહી દરમિયાન દારૂ પીધેલી હાલતમાં કુલ 92 લોકોને ઝડપી પાડવામાં આવ્યા હતા. ઉપરાંત 31 દેશી દારૂના તથા 11 વિદેશી દારૂના કેસો નોંધાઈ કુલ 134 કેસોમાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

સુખસરમાં કાર અને એસટી બસ વચ્ચે અકસ્માતમાં મહિલાને ઈજા

કારની સામે કૂતરું આવી જતા કાર ચાલકે અચાનક બ્રેક મારતા કારને પાછળથી એસ.ટી બસની ટક્કર વાગી હતી

(પ્રતિનિધિ) સુખસર, તા.1

સુખસર તાલુકાના મુખ્ય મથક સુખસર માંથી પસાર થતા હાઈવે માર્ગ ઉપર અવારનવાર નાના મોટા અકસ્માતો સર્જાઈ રહ્યા છે.જેમાં કેટલાક લોકોએ જીવ પણ ગુમાવ્યા છે.જ્યારે આજરોજ સવારના દસેક વાગ્યાના અરસામાં સુખસરમાં કાર- એસ.ટી બસ વચ્ચે અકસ્માત થતા એસ.ટી બસમાં મુસાફરી કરતી એક મહિલાને માથામાં ઈજા પહોંચતા તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ દ્વારા સુખસર

સરકારી દવાખાનામાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા.ત્યારે વરુણા આશ્રમ શાળાથી બચકરીયા પેટ્રોલ પંપ સુધીમાં અલગ- અલગ જગ્યાએ બમ્પ મૂકવામાં આવે તો સુખસર ગામમાંથી પસાર થતા હાઈવે માર્ગ ઉપર અકસ્માત બનાવો ઉપર રોક લાવી શકાય તેવી માંગણી રાહદારીઓ સહિત વાહન ચાલકો કરી રહ્યા છે.

ગુરુવારે સવારના દસેક વાગ્યાના અરસામાં કારચાલક કાર નંબર જીજે-20એન-7597 નો ચાલક સુખસરથી ઝાલોદ તરફ જવા નીકળેલ.તેવા સમયે સુખસરમાં સુકી નદીના પુલ પાસે જતા આગળ કૂતરું આવી જતા કાર ચાલકે અચાનક બ્રેક મારતા પાછળ આવતી લુણાવાડાથી દાહોદ જતી એસ.ટી બસ કાર સાથે અથડાઇ હતી. આ અકસ્માતમાં બસ ચાલકે અચાનક બ્રેક મારતા બસમાં સવાર કૈલાસબેન મનાભાઈ અમલીયાર રહે. નિંદકાપૂર્વ તા.સુખસર નાઓને કપાળના ભાગે કાચ વાગતા ઈજા પહોંચી હતી.જેથી 108 એમ્બ્યુલન્સ ને જાણ કરવામાં આવતા તાત્કાલિક એમ્બ્યુલન્સ અકસ્માત સ્થળે આવી પહોંચી હતી. અને ઈજાગ્રસ્ત કૈલાશબેનને સુખસર દવાખાનામાં સારવાર આપવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું.

ગોધરામાં વરલી મટકાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

(પ્રતિનિધિ) ગોધરા, તા.1

પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરમાં એસ.એલ.સી.બી. પોલીસની ટીમે બાતમીના આધારે દરોડો પાડીને મોબાઈલ ફોન પર ઓનલાઈન જુગાર રમાડતા એક શખ્સને રંગેહાથ ઝડપી પાડ્યો છે.

ગોધરાની નવચેતન સ્કૂલની બાજુમાં આવેલી ગલીમાં એક શખ્સ મોબાઈલ ફોન દ્વારા જુગાર રમાડી રહ્યો હોવાની બાતમી મળી હતી. જેના આધારે પોલીસે સ્થળ પર તપાસ કરતા મીત પરેશકુમાર ભટ્ટ (રહે. ગોધરા) શંકાસ્પદ હાલતમાં મળી આવ્યો હતો. પોલીસે તેની તપાસ કરતા તેના મોબાઈલ ફોનમાં 'વોટ્સએપ' તેમજ અન્ય એપ્લિકેશન્સ દ્વારા વરલી મટકાના આંકડાઓ લખીને હાર-જીતનો જુગાર રમાડવામાં આવતો હોવાનું ખુલ્યું હતું.

સિંગવડના દાસામાં તળાવને સજ્જ કરવા ખાતમુર્હુત કરાયું

(પ્રતિનિધિ) સિંગવડ, તા.1

દાહોદ જિલ્લાના સિંગવડ તાલુકાના દાસા ગામમાં આવેલ તળાવને અત્યંત આધુનિક સુવિધાથી સજ્જ કરવા માટે ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા રૂ. 242.92 કરોડના ખર્ચે પ્રવાસન સ્થળ બનાવવામાં આવનાર છે. જેનું ખાત મહુર્ત દાહોદ જિલ્લાના સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી જસવંતસિંહ ભાભોર તથા લીમખેડાના ધારાસભ્ય શૈલેષભાઈ ભાભોરના હસ્તે કરવામાં આવ્યું હતું. ત્યાર પછી જે જગ્યા પર થી કામ ચાલુ થવાનું ત્યાં વૈદિક મંત્રો સાથે બ્રાહ્મણ દ્વારા પૂજા કરાવવામાં આવી હતી અને ઈંટો મૂકીને નારિયળ વધેરવામાં આવ્યા હતા ત્યાર પછી દીપ પ્રગટાવી મંચ પર બિરાજમાન થયા પછી

કાર્યક્રમ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. ત્યાર પછી અને પ્રાથમિક શાળા તથા માધ્યમિક શાળાની બાલિકાઓ દ્વારા સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યા હતા. ત્યાર પછી આવેલા મહાનુભવોનું બંડી સાફો શાલ ઓઢાડી અને તીરકામઠું આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું.

ગુજરાત રાજ્ય પ્રવાસન નિગમ દ્વારા સિંગવડ તાલુકાના દાસા ગામનાં તળાવનું અત્યંત આધુનિક સુવિધાઓથી સજ્જ નવિનીકરણ કરવામાં આવનાર છે.